૭

વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન / નિવૃતિના લાભો આપવા બાબત.

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૩/ ૬૨૩૫૬૦/ અ.૧**

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૪/૦૬/૨૦૧૫

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૧/૧૯૮૬ નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૪૮૪/ ૧૬૨૫/ગ.

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૦૧/સીસી-૩૨૪/ચ.

(૪) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૪/૦૨/૨૦૦૫ ના હુકમ ક્રમાંક: અમશ/૧૪૨૦૦૪/ હા.કો.૨૧/ધ.

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અમશ/ ૧૫૨૦૦૬/ ૧૨૧૭/ ઘ

(૬) નામદાર ગુજરાત હાઇકોર્ટની એલ.પી.એ. નં.૩૩૨/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪ વીથ એલ.પી.એ. નં.૫૧૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪ વીથ એલ.પી.એ. નં.૬૩૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૩૭૪૬/૨૦૦૫ વીથ એસ.સી.એ. નં.૨૫૯૯/૨૦૦૯ નો તા.૨૨/૦૪/૨૦૧૪ નો હુકમ તથા તા.૨૩/૦૬/૨૦૧૪નો હુકમ.

(૭) નામદાર સુપ્રિમ કોર્ટનો એસ.એલ.પી. ક્રમાંક: ૧૬૮ થી ૧૭૧/૨૦૧૫નો તા.૧૨/૦૧/૨૦૧૫ નો હુકમ.

**આમુખ :-**

રાજ્યમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તક ચાલતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને વિચરતી-વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ, પેન્શન, ગ્રેજયુઇટી તથા નિવૃતિના

અન્ય લાભો આપવા અંગે ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામદાર ગુજરાત હાઇ કોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪, LPA–૩૩૨/૨૦૦૭, MCA (For Contempt) ૧૦૬૬/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ હતી. તેના ચુકાદામાં નામદાર હાઇકોર્ટે અનુદાન મેળવતી આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉપર્યુકત કોર્ટ કેસના તા.૨૨/૦૪/૨૦૧૪ અને તા.૨૩/૦૬/૨૦૧૪ નાં હુકમથી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ચલાવવામાં આવતી ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જે લાભો જે તારીખથી મળે છે તે મુજબ એટલે કે તા.૦૧/૦૧/૧૯૯૭ થી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પણ આ પ્રકારના લાભો ચુકવવા આદેશ થયેલ. તે સામે રાજ્ય સરકારે નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. નં.૧૬૮ થી ૧૭૧/૨૦૧૫ દાખલ કરેલ, જે તા.૧૨/૦૧/૨૦૧૫ના હુકમથી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ છે.

## ઠરાવ:-

ઉપર્યુકત હકીકત જોતા સંદર્ભ : (૬) અને (૭) હેઠળના અનુક્રમે નામદાર હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર સહાયક અનુદાન મેળવતી માન્ય આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને જીલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓના કર્મચારીઓના ધોરણે ઉચ્ચત્તર પગાર ધોરણ, પેન્શન, ગ્રેજયુઇટી તથા નિવૃતિના અન્ય લાભો આપવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. જે કાળજી પૂર્વકની વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

૧. **આ યોજનાના હેતુ માટે, -**

આ યોજનામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાન મેળવતી માન્ય આશ્રમશાળાઓનો સમાવેશ થશે.

૨. **પેન્શનપાત્ર પગાર માટે પગારમાં નીચેની બાબતોનો સમાવેશ થશે :**

(૧) મંજુર કરેલા/કરવાપાત્ર પગાર ધોરણનો પગાર.

(૨) સુધારેલ પગાર ધોરણોને લીધે પડતી ખોટ નિવારવા મંજુર કરેલ વ્યક્તિગત પગાર.

(૩) શૈક્ષણિક કે ધંધાકીય મેળવેલ વધુ લાયકાત માટે વખતો વખતના સરકારી હુકમો પ્રમાણે મંજૂર કરવામાં આવેલ વધારાનો પગાર.

૩. આ યોજનાના અમલીકરણ માટે આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પેન્શનપાત્ર ગણવા માટે નીચે મુજબની પુરાવા આધારિત ખરાઈ કરવાની રહેશે.

(૧) શૈક્ષણિક કર્મચારીની ભરતી માટે સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન ઠરાવ/ પરિપત્ર / માર્ગદર્શક સૂચનાની જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ છે કે કેમ ?

(અ) ભરતી માટે વ્યાપક પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે કે કેમ ?

(બ) ઉમેદવારોનું ઈન્ટવ્યુ પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ છે કે કેમ ?

(ક) ઈન્ટર્વ્યુ માટે ક્વોલીફાય થયેલા ઉમેદવાર જે તે સમયના સબંધિત સંસ્થાના સંચાલકના સગા-સબંધી હતા કે કેમ ?

(૨) ઈન્ટર્વ્યુમાં પસંદગી થયેલ ઉમેદવાર, જગ્યાની જાહેરાત મુજબ, શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા કે કેમ ?

(૩) ઈન્ટર્વ્યુમાં પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂક માટે બહાલી મેળવવામાં આવેલ છે કે કેમ ?

(૪) તા.૦૧/૦૧/૧૯૯૭ના રોજ નોકરીમાં ચાલુ હોય અથવા તે પછી નિમણૂક પામેલા હોય તેવા શૈક્ષણિક કર્મચારી શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તેમજ વખતોવખત નક્કી કરવામાં આવેલ અન્ય લાયકાતો ધરાવતા હતા કે કેમ ? (દા.ત. કોમ્પ્યુટર કૌશલ્ય, ભાષા કૌશલ્ય.)

(૫) તા.૦૧/૦૧/૧૯૯૭ના રોજ નોકરીમાં ચાલુ હોય અથવા તે પછી નિમણૂક પામેલા હોય તેવા બિન શૈક્ષણિક કર્મચારી માટે સામાન્ય વહીવટ વિભાગ તેમજ નાણા વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય લાયકાતો ધરાવતા હતા કે કેમ ?

(૬) આ ઉપરાંતની વધુ જરૂરી ચકાસણી અંગે વિભાગ અલાયદી સૂચના બહાર પાડશે.

૪. ઉપર મુજબની જરૂરી ચકાસણી બાદ એરીયર્સની ચુકવણી અંગે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) એરીયર્સ તેમજ પગાર અને અન્ય ભથ્થાઓની ચુકવણી કોર બેંકીંગ પધ્ધતિથી કરવાની રહેશે. એટલે કે, કર્મચારીના બેંકના ખાતામાં સીધા જ નાણા જમા થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૨) એરીયર્સ તેમજ પગારની ચુકવણીની સેન્ટ્રલાઈઝડ પધ્ધતિથી મોનિટરીંગ કરવાની પધ્ધતિ વિકસાવવાની રહેશે. (જિલ્લાના અધિકારી દ્વારા કર્મચારીના બેંકના ખાતામાં નાણા ક્યારે જમા કરાવ્યા તેનું ઓનલાઈન મોનિટરીંગ સિસ્ટમ ઉભી કરવાની રહેશે.)

૫. તા.૦૧/૦૧/૧૯૯૭ થી આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક તમામ કર્મચારીઓને ગ્રાન્ટ ઇન એઈડ કોડ હેઠળ નિયત થયેલ શિસ્ત અને અપીલ નિયમો લાગુ પાડવાના રહેશે.

૬. શિક્ષણ વિભાગના સંદર્ભ (૩)ના ઠરાવ મુજબ શૈક્ષણિક કર્મચારીને તા.૦૧/૦૧/૧૯૯૭ થી લાભ આપવાનુ ઠરાવવામાં આવે છે. તા.૦૧/૦૧/૧૯૯૭ પહેલા નિવૃત થયેલ શૈક્ષણિક કર્મચારીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જેઓ, તા.૦૧/૦૧/૧૯૯૭નાં રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૭. અનુદાનિત આશ્રમશાળાઓના પૂર્ણ સમયના બિન-શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ થી લાભ મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૧૯૯૭ પહેલા નિવૃત થયેલ કર્મચારીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં, પરંતુ જેઓ તા.૦૧/૦૧/૧૯૯૭નાં રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૮. આ યોજનાનો અમલ જુલાઇ-૨૦૧૫થી કરવાનો રહેશે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ની જોગવાઇ ઉપરાંત ₹ ૧૭.૫૯ કરોડ વધારાની ગ્રાન્ટ આ હેતુ માટે મંજૂર કરવામાં આવે છે. જે સબંધિત સદરે સુધારેલા અંદાજો મૂકી મંજૂરી મેળવવાની રહેશે. મંજૂર કરેલ વધારાની ગ્રાન્ટ ₹ ૧૭.૫૯ કરોડ અંગેના વિગતવાર હુકમો પૂરતી ચકાસણી બાદ કરવાના રહેશે.

૯. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારની તિજોરી પર નાણાકીય બોજ પડતો હોઈ, આ યોજનાના હેતુસર નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે દર વર્ષ માટે ₹ ૧૩.૦૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે. જે દર નાણાકીય વર્ષે સબંધિત સદરે અંદાજપત્રિય જોગવાઈ કરી મેળવવાની રહેશે. આ યોજના હેઠળ દર વર્ષની ગ્રાન્ટ પુરતી ચકાસણી કર્યા બાદ વિગતવાર હુકમો કરવાના રહેશે.

૧૦. ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વિદ્યા સહાયકોની ભરતી અંગે આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૨૦૦૬/૧૨૧૭/ઘ થી નિયત કરેલ જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જ્યારે બિન-શૈક્ષણિક કર્મચારીઓની સેવાઓ આઉટ સોર્સિંગ એજન્સી મારફત કરાર આધારિત સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૨૦૦૪/૨૫૩૯/ખ-૩ ના ઠરાવ અને ત્યાર પછીના વખતો વખતનાં સુધારાની જોગવાઇ મુજબ મેળવવાની રહેશે.

૧૧. આ યોજનાના અમલીકરણ માટે વિભાગ દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ અલગ રીતે બહાર પાડવામાં આવશે.

**<u>આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે ઉધારવાનો રહેશે</u> :**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) ની આશ્રમશાળાઓ માટે
માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૪) બીસીકે: ૯૪ આશ્રમશાળાઓ હેઠળ મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

(૨) વિચરતી-વિમુકત જાતિ (NT-DNT) ની આશ્રમશાળાઓ માટે
માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર: (૧૩) બીસીકે: ૧૪૫ આશ્રમશાળાઓ હેઠળ મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આદિજાતી વિકાસ વિભાગની ફાઇલ ક્રમાંક : અમશ/ ૧૫૦૭/ હા.કો.૧૮/ ઘ ઉપર નાણા વિભાગની તા.૧૬/૦૬/૨૦૧૫ તથા સરકારશ્રીની તા.૨૪/૦૬/૨૦૧૫ ની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) / માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી.
- માન.મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) તમામ
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, જી.આર. વેબસાઇટ પર મુકવા સારૂ.